NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬ ૪૫૦

**અગત્યનું**

## :: <u>પરિપત્ર</u> ::

**વિષય:– PFMS પોર્ટલની તાલીમમાં હાજર રહેવા બાબત..**

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, કેન્દ્રિય પુરસ્કૃત યોજનાઓ તથા આઈ.સી.એ.આર./ કે.વી.કે. યોજના કે જેનું ફંડ ભારત સરકારશ્રીની સુચનાનુસાર **PFMS પોર્ટલ** મારફત યુનિવર્સિટીને મળે છે, આ ફાળવવામાં આવેલ ફંડની સામે થયેલ ખર્ચની વિગતો PFMS પોર્ટલમાં નાંખવાની થાય છે અને ત્યારબાદ યુટિલાઈઝેશન સર્ટિફિકેટ પણ PFMS માં તૈયાર કરી, અપલોડ કરવાના થાય છે. આ પ્રકારની તમામ કામગીરી સરળતાથી કરી શકાય તે માટે ગાંધીનગર ખાતેની PFMS કચેરી તરફથી નિયુકત Master Trainer દ્વારા આ યુનિવર્સિટી ખાતે તા. ૦૪/૦૫/૨૦૧૮ ના રોજ એક તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવેલ છે, તો આ તાલીમમાં સંબધિત યોજનાના વડાશ્રી તથા કોમ્પ્યુટરના જાણકાર કર્મચારીશ્રી એમ કુલ–૨ વ્યકિતઓએ સને ૨૦૧૭–૧૮ ના વર્ષની મળેલ ગ્રાન્ટ તથા થયેલ ખર્ચની વિગત તેમજ કચેરીના બેંક ખાતાની પાસબુકની ઝેરોક્ષ નકલ તેમજ કચેરી પાસે ઉપલબ્ધ હોય તેવા **<u>લેપટોપ</u>** સાથે આ તાલીમમાં સમયસર હાજર રહેવા જણાવવામાં આવે છે. જો આ તાલીમમાં આપની કચેરીએથી કોઈ હાજર ન રહે તો તેની સઘળી જવાબદારી જે તે કચેરીની રહેશે. જેની નોંધ લેવા વિનંતી.

**સ્થળ:– એ.બી.એમ. કોલેજના સેમીનાર હોલ..નવસારી.**

**તારીખ:– ૦૪/૦૫/૨૦૧૮, સમય:– સવારે ૧૦:૦૦ કલાકે**

**હિસાબ નિયામક**

---

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/ ૩૦૫૮ /૧૮
નવસારી, તા. ૦૧/૦૫/૧૮

**<u>નકલ જય ભારત સાથ રવાના:–</u>**
(૧) આ યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ તરફ જાણ સારુ.
(૨) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારુ.